રજુ તારીખઃ- ૨૭/૧૨/૨૦૧૨
દાખલ તારીખઃ-૨૭/૧૨/૨૦૧૨
નિકાલ તારીખઃ- ૩૦/૯/૨૦૨૧
અવધિઃ- વર્ષ, માસ, દિવસ

આંક-

**ફોજદારી કેસ નંબર ૩૬૮૪૯/૨૦૧૨**

**સુરતમાં ચોથાં અધિક સીવીલ જજ અને જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ. સુરત**

ફરિયાદીઃ- શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપીઃ- (૧) પ્રવિણ ઉર્ફે રાજુ ગૌતમ બીરાડે
ઉ.વ.20 , ધર્મઃહિન્દુ, ધંધોઃવેપાર,
રહે. ભીમનગર ઝુપડપટી, ઉધના, સુરત

(૨) મંગળ લોકેન્દ્રસીંગ કુશ્વાહ
ઉ.વ.19 , ધર્મઃહિન્દુ, ધંધોઃવેપાર,
રહે. હળપતીવાસ, ગંગાબેન કીશોરભાઈના મકાનમા, સાંઈનગર સોસા., નવાગામ, સુરત

(૩) જયપ્રકાશ રામનારાયણ મૌર્યા
ઉ.વ.20 , ધર્મઃહિન્દુ, ધંધોઃવેપાર,
રહેઈ ભીમનગર ઝુપડપટી, ઉધના, સુરત

ગુનોઃ- ઈ.પી.કો. કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦, ૪૧૧ તથા ૧૧૪ મુજબ

---

ફરિયાદીના વિ.વ.શ્રી. :: એ.પી.પી. મનીષભાઈ રાણપરા
આરોપીના વિ.વ.શ્રી :: શ્રી આર. આર. યાદવ

---

**–// હુકમ //–**

(૧) આ કામે ફરિયાદ પક્ષની ટુકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી નંબર ૧ તથા ૨ નાઓએ એકસંપ થઈને તારીખ ૯/૧૧/૨૦૧૨ ના કલાક ૨૧ /૦૦ થી તા. ૧૦/૧૧/૨૦૧૨ ના કલાક ૬/૦૦ વાગ્યાના સમય દરમ્યાન હરકોઈ સમયે ઉધના સીટી ઈન્ડસ્ટ્રીયલ હનુમાન શેરી મિનાક્ષી યાર્ન નામના ખાતા નંબર ૪૮, ૪૯ ના ગોડાઉન નુ શટલ તેમજ બારી કોઈ સાધન વડે તોડીને ખાતામા ત્રણ લીનોવો કંપનીના મોનીટર તથા ત્રણ સી.પી.યુ. મળીને કુલ કિં. રુ. ૪૫૦૦૦/– ની મતા ની ચોરી કરી લઈ ને આરોપી નંબર ૩ નાઓએ આ મીલ્કત ચોરીની હોવા છતા વેચાણ રાખીને વધુ કીંમતમા ઉપરોકત જણાવેલા ત્રણ માંથી બે સેટ વેચવા જતા પકડાઈ ગયેલા આમ, ઉપરોત તમામ ગુનામા બધા આરોપીઓએ એકબીજાની મદદગારી કરેલ હોય, તમામ વિરુધ્ધ આઈ. પી. સી. કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦, ૪૧૧ તથા ૧૧૪ મુજબ ગુનો નોંધવામાં આવેલ, ત્યારબાદ આરોપીને ધોરણસર અટક કરી કોર્ટ હવાલે કરેલ અને બાદમાં હાલનુ ચાર્જશીટ કરી ઈન્સાફી કાર્યવાહી માટે કોર્ટ સમક્ષ રજુ કરેલ છે.

(૨) આ કામના આરોપીને સમન્સ ઈસ્યુ કરતા આરોપી તેમના વિ.વ.શ્રી મારફતે હાજર રહેલા. તેમને ફોજદારી કાર્યરીતીની કલમ ૨૦૭ મુજબ તમામ કેસ પેપર્સ આપવામાં આવેલ અને આરોપી વિરૂધ્ધ માં કેસ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ. આ કામે આંક–૧૨ થી આરોપી વિરૂધ્ધ તહોમતનામું ફરમાવવામાં આવેલ છે. તેમજ આરોપીની આંક–૧૩ થી ૧૫ સુધી પ્લી લેવામાં આવતા આરોપીએ, ગુનાનો ઈન્કાર કરતા, ફરીયાદપક્ષે પુરાવાની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૩) ફરિયાદી પક્ષે આરોપીઓ સામેનો ગુનો નિઃશંક રીતે પુરવાર કરવા માટે નીચે મુજબના લેખિત પુરાવા રજુ કરેલ છે.

ફરિયાદ પક્ષે મૌખીક પુરાવોઃ–

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી | ૩૦ |
| ૨ | પંચ સાહેદ મહેન્દ્રસિંહ રવિન્દ્રસિંહ ની જુબાની | ૪૦ |
| ૩ | સાહેદ રાજેશ પ્રભુભાઈ ધોળકીયાની જુબાની | ૪૧ |
| ૪ | ત.ક.અ. કેસરસિંગ મનસુખભાઈ રાઠવાની જુબાની | ૪૨ |

ફરિયાદ પક્ષે લેખિત પુરાવોઃ–

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદ | ૩૧ |
| ૨ | ગુન્હાવાળી જગ્યાનુ પંચનામુ | ૩૨ |
| ૩ | અટક પંચનામુ | ૩૩ |
| ૪ | આરોપીની શરીર સ્થીતી નુ પંચનામુ | ૩૪ |
| ૫ | ડીસ્કવરી પંચનામુ | ૩૫ |
| ૬ | સુચીપત્ર | ૪૩ |

(૪) ઉપરોકત પુરાવો નોંધ્યા બાદ રેકર્ડ આધારીત ફરિયાદપક્ષનો પુરાવો જોતા આરોપી સામે ગુનાહીત આક્ષેપો અંગે પ્રાથમીક પુરાવો રેકર્ડ પર આવેલ હોવાથી મજકુર કામે ફોજદારી કાર્યરીતી સંહીતા ૧૯૭૩ ની કલમ ૩૧૩ મુજબ વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી ત્યારબાદ હાલના કેસના ન્યાયીક નિરાકરણ અર્થે મારા મતે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**–:: મુદા ::–**

<u>મુદ્દા નં.૧</u> શું ફરિયાદી પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી નંબર ૧ તથા ૨ નાઓએ એકસંપ થઈને તારીખ ૯/૧૧/૨૦૧૨ ના કલાક ૨૧/૦૦ થી તા. ૧૦/૧૧/૨૦૧૨ ના કલાક ૬/૦૦ વાગ્યાના સમય દરમ્યાન હરકોઈ સમયે ફરીયાદીના ઉધના સીટી ઈન્ડસ્ટ્રીયલ હનુમાન શેરી મિનાક્ષી યાર્ન નામના ખાતા નંબર ૪૮, ૪૯ ના ગોડાઉન નુ શટલ તેમજ બારી કોઈ સાધન વડે તોડીને ખાતામા ત્રણ લીનોવો કંપનીના મોનીટર તથા ત્રણ સી.પી.યુ. મળીને કુલ કિં. રુ. ૪૫૦૦૦/- ની મતા ની ચોરી કરી લઈ ને આરોપી નંબર ૩ નાઓએ આ મીલ્કત ચોરીની હોવા છતા વેચાણ રાખીને વધુ કીંમતમા ઉપરોકત જણાવેલા ત્રણ માંથી બે સેટ વેચવા જતા પકડાઈ જઈ, ઉપરોત તમામ ગુનામા બધા આરોપીઓએ એકબીજાની મદદગારી કરી, આઈ. પી. સી. કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦, ૪૧૧ તથા ૧૧૪ મુજબ ગુનો કરેલ છે ?

મુદ્દા નં. ૨ શું હુકમ.

ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં. ૧. નકારાત્મક.

મુદ્દા નં. ૨. આખરી હુકમ મુજબ.

## <u>-:: કારણો ::-</u>

મુદા નંબર ૧ તથા મુદા નંબર ૨ ની ચર્ચા નીચે મુજબ સંયુકત રીતે કરવામાં આવેલ છે.

(૫) મુદ્દા નં. ૧ ફોજદારી કેસોમાં ફરિયાદ પક્ષે પોતાનો કેસ વાજબી શંકા રહીત પુરવાર કરવાનો રહે છે ત્યારે ફરિયાદ પક્ષે આરોપી વિરૂધ્ધ મુખ્યત્વે આક્ષેપીત ગુના અંગેની ફરિયાદ આપવામાં આવેલ હોવાની હકીકત ફરિયાદપક્ષે નિશં:કેપણે પુરવાર કરવાની રહે છે. ત્યારે હાલના કેસમાં ફરિયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં મૌખિક પુરાવો રજુ કરેલ છે. જે પુરાવાનુ મુલ્યાંકન નીચે મુજબ છે.

(૬) ફરીયાદપક્ષ તરફથી કેસ પુરવાર કરવા માટે આંક ૩૦ થી ફરીયાદી વિકાસ રતનભાઈ શરાફ ની જુબાની નોંધવામા આવેલ છે જેમા તેઓ જણાવે છે કે, તા. ૯/૧૧/૧૨ ના રોજ કામ કરીને હુ તથા અન્ય માણસો મારી ઓફીસથી રાતના નવેક વાગે ચાલી ગયેલા. મારી ઓફીસ તથા ગોડાઉન પર વોચમેન ધનસીંગભાઈ એ તાળુ મારીને બાજુમા પોર્નીંગ મશીન ચાલુ હતુ ત્યાં જતા રહેલા ત્યારબાદ બીજા દીવસે મારા ઓફીસના કર્મચારીનો સવારમા મને ફોન આવેલો કે ગોડાઉન માંથી કોમ્પ્યુટરની ચોરી થયેલ છે. તેથી હુ ગોડાઉન પર ગયેલો અને ટેલ પર જતા ત્રણ એલ.સી.ડી. મોનીટર તથા સીપી.યુ. જણાઈ આવેલા નહી અને અમારા ગોડાઉનની પાછળનુ પતરુ શટર થી ઉંચુ થયેલ અને તેની બાજુમા કાચની બારી તુટેલી હતી જેથી કોઈ અજાણયા ઈસમે ચોરી કરેલી હોય અને મારે ત્યાં કામ કરનાર એક કર્મચારીનો સેમસંગ કંપનીનો મોબાઈલ ચોરાય ગયેલ હોય, આ બનાવ સબંધે મે પોલીસ સ્ટેશનમા ફરીયાદ કરેલી. સદરહુ સાહેદે આંક ૩૧ થી આ કામમા ફરીયાદ રજુ કરેલ છે.

(૭) ત્યારબાદ આ કામમા આંક ૪૦ થી પંચ સાહેદ મહેન્દ્રસિંહ રવિન્દ્રસિંહને તપાસવામા આવેલા છે. તેઓ પોતાની જુબાનીમા જણાવે છે કે, હું સાને ૨૦૧૨મા મીનાક્ષી એમ્બ્રોડરીમા ઉઘરાનુ કામ કરતો અને જે પેઢીના માલીક શાલુ વિકાસ શરાફ હતા. આ ફેકટરીમા દોરા બનાવવાનુ કામ કરાતુ હતુ. અમારી કંપનીમા રાત્રીના સમયે કોમ્પ્યુટરની ચોરી થયેલી હોય તે અંગેનુ પંચનામુ કરવાનુ હોય મને પંચમા રહેવાનુ પોલીસે કહેલ. આંક ૩૨ વાળા પંચનામામા સદરહુ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલ છે અને વધુમા જણાવેલ છે કે મને હાલ યાદ નથી કે તેમા શુ લખેલ.

ઉપરોકત સાહેદને ફરી ગયેલા જાહેર કર્યા બાદ, વિ. સરકારી વકીલશ્રી મારફતે તેઓને ઉલટતપાસમા પુછી શકાય તેવા સવાલો પણ પુછવામા આવેલ છે પરંતુ ફરીયાદપક્ષને સમર્થનકારી કોઈ જ હકીકતો સામે આવેલ નથી.

(૮) આ ઉપરાંત હાલના કામમા આંક ૪૧ થી સાહેદ રાજેશ પ્રભુભાઈ ધોળકીયાને તપાસવામા આવેલા છે જેમા તેઓ જણાવે છે કે, ગઈ તા. ૧૧.૧૧.૧૨ ના રોજ અમોને તથા સાથેના પો.કો. નિલેશ દેવજીભાઈને બાતમી મળેલી કે બે ઈસમો કંતાનના કોથળામાં ચોરીનો સામાન લઈ ઉધના, સોલાપુર કમ્પાઉન્ડ પાસેથી પસાર થવાના છે અને તેઓ ૨૦ થી ૨૨ વરસની ઉંમરના છે. તે બાતમીના આધારે પી.એસ.આઈ. એ. એમ. રાઠવા તથા પંચોના માણસો સાથે સોલાપુર કંપાઉન્ડ પાસેથી બે ઈસમો પૈકી મંગળ લોકેન્દ્રસિંહ, ઉં.વ.૧૯, રહે. નવાગામ તથા પ્રવિણ રાજુ ગૌતમ, ઉં.વ.૨૦, રહે. ભીમનગર ઉધનાનાઓને પકડતા તેઓ પાસેથી ૨ કોમ્પ્યુટર તથા કોમ્પ્યુટરનો સામાન મળી કુલ્લે રૂ૦૩૦૦૦૦/- નો મુદ્દામાલ કબજે કરી તે બાબતની તપાસ કરતાં ઉધના પો.સ્ટે.માં ૨૨૩/૧૨ ઈ.પી.કો. કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબનો ગુનો દાખલ થયેલ હોય, સદર ગુનાના કામે મુદ્દામાલ તથા આરોપીની આગળની કાર્યવાહી પી.એસ.આઈ.શ્રી રાઠવા સા.નાઓએ કરેલી. સદર કામે મારો જવાબ લીધેલો. આરોપીને જોયેથી ઓળખુ છું. તે આજરોજ નામ. કોર્ટમાં આરોપી નં.૩ હાજર છે.

સદરહુ સાહેદ આરોપી તર્ફે ની ઉલટતપાસમા જણાવે છે કે, એ વાત ખરી છે કે સદર ગુનાના કામે મેં કોઈ તપાસ કરેલ નથી. એ વાત ખરી છે કે ફરિયાદમાં અને મારા નિવેદનમાં કોઈ બાતમીદારનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી.

(૯) આંક ૪૨ થી આ કામમા તપાસ કરનાર અધીકારી કેસરસિંગ મનસુખભાઈ રાઠવાને તપાસવામા આવેલ છે જેમા તેઓ સરતપાસમા જણાવે છે કે, ફરિયાદની તપાસ અમોને મળેલ અને આ તપાસ પહેલા પો.સ્ટે.ના પીએસઆઈ બી.એફ.ચોધરીનાએ ગુનાવાળી જગ્યાનુ આંક ૩૨ વાળુ પંચનામુ

કરેલુ. તથા સદર કામના આરોપીઓને આ ગુનાના કામે પકડી પાડેલ અને તેઓના નામ. કોર્ટ રુબરુ રીમાન્ડ મેળવીને આગળની તપાસ કરેલી. તેમજ મેં આંક ૩૩ થી ૩૫ વાળા પંચનામા બે પંચોની રૂબરૂ કરેલ છે. જેમાં મારી સહી છે તથા સદર ગુનાના કામે આરોપી મંગલ લોપેન્દ્રસીંગ મોર્યા પાસેથી ચોરીમાં ગયેલ ચીજવસ્તુઓ જમાં લેનોવા કંપનીનું મોનીટર નંગ ૧, કીબોર્ડ ૧, તથા ૧ માઉસ, બીએસએનએલનુ બ્રોડબેન્ડ નંગ ૧ સફેદ કલરનુ, તથા યુનીવર્સલ કં.નુ પ્રીન્ટર કેબલ નંગ ૧, કોમ્પ્યુટરના કેબલો અને વાયરો, તથા ચેમ્પીયન કંપનીનુ UPS નંગ ૧ તથા લેનોવા કંપનીનુ સીપીયુ 03 નંગ ૧ તથા સેમસંગ કંપનીનુ 03 મોનીટર નંગ ૧ તથા કીબોર્ડ, માઉસ, કેબલ વાયરો અને યુપીએસ નંગ ૧ મળી કુલ રૂ૦૩૦૦૦૦/- નો મુદ્દામાલ સદર તપાસના કામે જમા લીધેલો. સદર કામની તપાસ કરતા લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. જેમાં સંભાજી પારસનાથ, ધવલ મહેન્દ્રકુમાર, રાજુ રઘુનાથ, રાજેન્દ્ર કેશવભાઈ, ગજેન્દ્રસિંહ, નિલેશ દેવજીભાઈ, રંગીત માનાભાઈ, અમૃતભાઈ રોહીદાસ, સંગીતાબેન અમૃતલાલ વગેરેના નિવેદનો નોંધેલા. સદર મારી તપાસમાં એવુ ખુલેલું કે, આ કામના ફરિયાદીની ઓફિસ આવેલ હોય અને તેમાં રાત્રીના સમયે ચોરી થઈ હોય અને આ ચોરીમાં ફરિયાદમાં જણાવેલ ફરિયાદીની વસ્તુ કુલ કિં.રૂ૦૪૫૦૦૦/- ની મત્તાની ચોરી થયેલ હોવાનુ ખુલેલુ. આરોપીઓને જોયેથી ઓળખી શકું. જે પૈકી આરોપી નં.૩ જયપ્રકાશ હાજર છે, આ સીવાયના આરોપીઓ હાજર નથી. આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો હોય નામ. કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ.

સદરહુ સાહેદ આરોપી તર્ફે ની ઉલટતપાસમા જણાવે છે કે, એ વાત ખરી છે કે ફરિયાદ મારી રૂબરૂ લેવાયેલ નથી. એ વાત ખરી છે કે મેં કોઈ ઓળખ પરેડ કરાવેલ નથી. એ વાત ખરી છે કે મુદ્દામાલની રીકવરી મેં કરેલ નથી.

(૧૦) આ સીવાય આ કામમા ફરીયાદપક્ષે અન્ય તમામ સાહેદોને સમન્સ કરવા છતા મળી આવેલ ન હોય, કોઈ સાહેદોને તપાસવામા આવેલ નથી. આરોપી તર્ફે વિશેષ નીવેદન નોંધવા લાયક પુરાવાઓ રેકર્ડ પર આવેલ ન હોય, વિશેષ નીવેદન નોંધવામા આવેલ નથી. અને આરોપી તર્ફે મૌખીક

રીતે ઉલટતપાસ સીવાય અન્ય કોઈ પુરાવાઓ આપવા માંગતા નથી તેવુ જણાવવામા આવેલ છે. તથા હાલના કામમા બંન્ને પક્ષે વિદવાન વકીલશ્રી ઓની વિગતવારની દલીલો સાંભળેલ છે.

(૧૧) ઉપરોક્ત ચર્ચાને અંતે ફરિયાદપક્ષે રજુ કરવામાં આવેલ પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો આ કેસમાં આ કામના આરોપી નંબર ૧ તથા ૨ નાઓએ એકસંપ થઈને તારીખ ૯/૧૧/૨૦૧૨ ના કલાક ૨૧/૦૦ થી તા. ૧૦/૧૧/૨૦૧૨ ના કલાક ૬/૦૦ વાગ્યાના સમય દરમ્યાન હરકોઈ સમયે ફરીયાદીના ઉધના સીટી ઈન્ડસ્ટ્રીયલ હનુમાન શેરી મિનાક્ષી યાર્ન નામના ખાતા નંબર ૪૮, ૪૯ ના ગોડાઉન નુ શટલ તેમજ બારી કોઈ સાધન વડે તોડીને ખાતામા ત્રણ લીનોવો કંપનીના મોનીટર તથા ત્રણ સી.પી.યુ. મળીને કુલ કિં. રુ. ૪૫૦૦૦/– ની મતા ની ચોરી કરી લઈ ને આરોપી નંબર ૩ નાઓએ આ મીલ્કત ચોરીની હોવા છતા વેચાણ રાખીને વધુ કીંમતમા ઉપરોકત જણાવેલા ત્રણ માંથી બે સેટ વેચવા જતા પકડાઈ જઈ, ઉપરોત તમામ ગુનામા બધા આરોપીઓએ એકબીજાની મદદગારી કરીહોય તેવું ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવા પરથી સ્પષ્ટ થતું નથી. હાલના કામમા ફરીયાદી ની તથા સાહેદોની જુબાની ધ્યાને લેતા, ફરીયાદની કોઈ હકીકતો પુરવાર થતી નથી. પંચોની જુબાની વંચાણે લેતા પંચનામાની કોઈ હકીકતો પુરવાર થયેલ નથી. આ કામે તપાસ કરનાર અધીકારી દવારા આરોપીની ઓળખ પરેડ કરાવવામા આવેલ નથી. હાલના આરોપી પાસેથી મુદદામાલ રીકવર કરવામા આવેલો હોય તે બાબતે પંચનામાની હકીકતો પુરવાર થયેલ નથી. આ કામે હાલનો ચોરીનો બનાવ કોઈએ નજરે જોયેલ નથી. અને તેથી હાલના આરોપીઓ દવારા જ કહેવાતી ચોરી કરવામા આવેલી કે કેમ તે ની:શંક પણે પુરવાર થતુ નથી. આમ, શંકાનો લાભ

આપીને હાલના કામમા ફરીયાદપક્ષ ના પુરાવાઓ ધ્યાને લેતા, આરોપી વિરુધ્ધ તેઓ પોતાનો કેસ વ્યાજબી શંકા થી પર સાબીત કરી શકેલા હોવાનુ માની શકાય તેમ નથી અને તેથી, શંકાનો લાભ આપીને આ કામમાં ચાર્જશીટના આધારે આરોપીને તકસીરવાર ઠરાવી શકાય નહી તેવુ મારૂ માનવુ છે. આમ, સમગ્ર પુરાવો જોતા તેના આધારે ગુનાના આવશ્યક તત્વો પુરવાર થતા ન હોવાથી તેનો લાભ આરોપીને આપી ફરીયાદ પક્ષ આરોપી સામેનો આક્ષેપીત મુજબનો ગુનો પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઇ, આરોપીને સદર ગુનામાંથી નિર્દોશ છોડી મુકવા વ્યાજબી, ન્યાયી અને ઉચીત જણાતુ હોઈ મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં. ૨ નો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**<u>-:: આખરી હુકમ ::-</u>**

(૧) આ કામના આરોપી (૧) પ્રવિણ ઉર્ફે રાજુ ગૌતમ બીરાડે ઉ.વ.20 , ધર્મઃહિન્દુ, ધંધોઃવેપાર, રહે. ભીમનગર ઝુપડપટી, ઉધના, સુરત (૨) મં ગળ લોકેન્દ્રસીંગ કુશ્વાહ ઉ.વ.19 , ધર્મઃહિન્દુ, ધંધોઃવેપાર, રહે. હળપતીવાસ, ગંગાબેન કીશોરભાઈના મકાનમા, સાંઈનગર સોસા., નવાગામ, સુરત (૩) જયપ્ર કાશ રામનારાયણ મૌર્યા ઉ.વ.20 , ધર્મઃહિન્દુ, ધંધોઃવેપાર, રહે. ભીમનગર ઝુપડપટી, ઉધના, સુરત નાઓને સી. આર. પી. સી. કલમ ૨૪૮(૧) મુજબ ઈ.પી.કો. કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦, ૪૧૧ તથા ૧૧૪ મુજબના ગુનામાં થી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

(૨) સદર કામમા કબજે કરેલ મુદદામાલ અંગે જો કોઈ વચગાળાનો હુકમ કરવામા આવેલો હોય તો તે કાયમી કરવાનો હુકમ કરવામા આવે છે અને જો કોઈ હુકમ કરવામા આવેલ ન હોય તો, મુદદામાલની માલીકી અંગે ખરાઈ કરીને મુદદામાલ પોલીસ સ્ટેશનથી પરત કરવાનો હુકમ કરવામા આવે છે.

(૩) આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતીની સંહીતા ૧૯૭૩ ની કલમ ૪૩૭એ મુજબ અપીલ સમય સુધી અંકે રૂ. ૫૦૦૦ (અંકે રૂપિયા પાંચહજાર પુરા) ના સધ્ધર જામીન રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૩૦ માહે સપ્ટેમ્બર સને–૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ–૩૦/૯/૨૦૨૧
સ્થળઃ–સુરત

(ડી.આર.ઠાકુર )
ચોથા એડી.સીવીલ જજ અને
જ્યુડી.મેજી.ફ.ક., સુરત
જીજે૦૧૨૪૧